
# ખેડબ્રહ્મામાં ચોમાસાની રી-એન્ટ્રી વીજળી પડતા આધેડનું મોત

લક્ષ્મીપુરા, તા. ૨૪

ખેડબ્રહ્મા નજીકના લક્ષ્મીપુરા સહિતના અનેક વિસ્તારોમાં મેઘરાજાએ વરસવાનું શરુ કર્યું છે અને છેલ્લા બે દિવસથી પડતા વરસાદને કારણે થતી વિજળી અને કડાકા-ભડાકાને લીધે પશુ પક્ષીઓ ભયભીત બન્યા છે તો પુનઃ ચોમાસું વર્તાઈ રહ્યું છે ત્યારે વીજળી પડવાથી લક્ષ્મીપુરાના આધેડનું મોત થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા વિસ્તારમાં ગત રોજ મોડી સાંજે કાળા ડિબાંગ વાદળો ઘેરાતા વરસાદી માહોલ સર્જાયો અને વરસાદની રી-એન્ટ્રી થતા વાતાવરણ આહલાદક બની ગયું હતું. વિજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસતા ખેતરમાં કામ કરતા લોકો અને પશુ-પક્ષીઓ ખુબ જ ભયભીત બન્યા હતા અને પોતાના ઘર તરફ ભાગ્યા હતા. જયારે લક્ષ્મીપુરા ગામના એક આધેડ છગનભાઈ નાથાભાઈ ઠાકરડા પર વિજળી પડતાં તેમનું મોત નિપજયું હતું. આ મામલે ગ્રામજનોમાં ભય સાથે શોકની લાગણી જોવા મળી હતી.



પાલનપુર યુથ હોસ્ટેલ્સ એશોસિએશન ઓફ ઈન્ડીયા ધ્વારા તા.૨૨ સપ્ટેમ્બરના રોજ રાણીટૂંક ખાતે વિધામંદિરના મૂકબધિર વિધાર્થીઓ માટે ખાસ ટ્રેકીંગ કેમ્પ યોજાયો હતો. યુથ હોસ્ટેલ પાલનપુર યુનિટના -ોગ્રામ ડાયરેક્ટર શ્રીમતી નિલમબેન જોષી તથા કો--ોગ્રામ ડાયરેક્ટર શ્રી કૈલાશભાઈ જાનીના નેતૃત્વમાં ટ્રેકીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ જેટલા વિધાર્થીઓ સહિત શિક્ષકો જોડાયા હતાં. આ કાર્યક્રમથી અત્યંત ખુશ જણાતા બાળકોએ તેમની સાંકેતિક ભાષામાં આનંદ અને હર્ષની લાગણી વ્યક્ત કરી હતી તથા આવો કાર્યક્રમ ફરી કરવાની બાળકોએ માંગણી કરી હતી. કેમ્પના કાર્યક્રમમાં વિધાર્થીઓને પર્યાવરણ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતાં. યુથ હોસ્ટેલના ચેરમેન શ્રી હર્ષદભાઈ જોષી તથા અન્ય સભ્યોએ બાળકોને -માણપત્ર તથા ભેટ આપી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી મહેશભાઈ પટેલ, લાયન્સ ક્લબના -મુખ શ્રી અશોક પટેલ, સુશ્રી બેલાબેન શાહ, સ્વામી રાજેન્દ્ર આનંદ, શ્રી વિશ્વેશ જોષી, શ્રી ફ્લીબેન, શ્રી સ્વીટીબેન, શ્રી રમેશભાઈ જાની, શ્રી નરેશભાઈ ઠાકોર તથા રાણોલ ગામના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# સાબરકાંઠા - અરવલ્લી જિલ્લા બક્ષીપંચ મોરચાનું સંમેલન યોજાયું

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના બક્ષીપંચ મોરચાનું સંમેલન હિંમતનરના ટાઉન હોલ ખાતે પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયુ હતું

આગામી વર્ષ ૨૦૧૪માં યોજાનાર લોકસભાની બેઠક જંગી બહુમતીથી જીતવા અને જિલ્લાકક્ષાના મોરચાના સંગઠનને સુદૃઢ અને મજબૂત બનાવવા કાર્યકરોને હાકલ કરવામાંઆવી હતી.

બેઠકમાં અધ્યક્ષીય -વચન કરતા જયસિંહ ચૌહાણે જણાવ્યુ હતુકે, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને વડા-ધાનના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ત્યારેઆપણા સૌ કાર્યકર બંધુઓની જવાબદારી વિશેષ રહેશે.

આ બેઠકમાં સમગ્ર રાજયમાં બક્ષીપંચની વસવાટ કરતી ૧૪૬ જાતિઓ પૈકી ૬૪ જાતિઓ અને પેટાજાતિઓના બક્ષીપંચ મોરચાના આગેવાનો હાજર રહી મહેમાનોનું વિશેષ અભિવાદનકર્યુ હતું.

આ બેઠકમાં જીલ્લા પૂર્વ -મુખ જે.ડી.પટેલ, સોસિયલ મીડીયા સેલના કન્વીનર અને સાબરકાંઠા બક્ષીપંચના -ભારી મંયકભાઈ નાયક, પૂર્વ જીલ્લા મહામંત્રી દિપસિંહ રાઠોડ, -દેશ મહિલા ઉપાધ્યાક્ષ કૌશલ્યાકુંવરબા, -સંગોચિત ઉદબોધન કર્યુ હતું,

બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ ભિખુસિંહ પરમારે શાબ્દીક સ્વાગત -વચન કર્યુ હતું આ કાર્યક્રમમાં ઉપસ્થિત હિરાજી ડામોર, રાજુભાઈ પંચાલ, કાન્તિજી ઠાકોર, બિપિન ઓઝા,જનરાસિંહ પરમાર, સુધાબા મકવાણા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા બક્ષીપંચ મોરચના મહામંત્રી વિજયભાઈ વણજારા, બિપીનભાઈ પટેલ, ઉપ-મુખ કમલેશભાઈ બારોટ, બી.ટી.નાયી, કેશુભાઈ ચૌધરી, રંગુસિંહ પરમાર, કિરણ મલેશીયા, અશ્વિનભાઈ -જાપતિ, અશોકભાઈ સથવારા, તથા બક્ષીપંચ મોરચાના તમામ મંડલના -મુખો અને હોદોદારઓએ જહેમત ઉઠાવી હતી.

## સિલવાડ તળાવમાંથી શિંગોડાનું વાવેતર દૂર કરાયું

લક્ષ્મીપુરા, તા. ૨૪

લક્ષ્મીપુરાથી એક કિ.મી.ના અંતરે સિલવાડ ગામનું તળાવ આવેલ છે જેમાં દામાવાસ ગૃપ ગ્રામ પંચાયતના ઉપ સરપંચની સાથે ભોઈ ગોવિંદભાઈ ડાહ્યાભાઈએ સાંઠ-ગાંઠ રાખી મનસ્વી પણે તળાવમાં શિંગોડાનું વાવેતર કરેલ પણ આ બાબત અન્ય જાણકારોને જાણ આવતાં તાત્કાલિક અસરથી શિંગોડાનું વાવેતર દૂર કરી અબોલ જળચર જીવો તેમજ મૂંગા પશુ પ્રાણીઓ જેઓ આ તળાવના પાણી ઉપર નિર્ભર હતા. તેમના મૂંગા-આશિષ મેળવ્યા છે. કારણ કે શીંગોડાની ખેતીમાં જંતુ રસાયણીક દવાઓના ઉપયોગથી પાણી દુષિત બને છે અને પર્યાવરણને પણ નુકશાન થાય છે. આ બાબતે શિંગોડાનું વાવેતર દૂર થતાં હવે કોઈ તકલીફ નહિ રહે તેવું જાણવા મળેલ છે.

## હિંમતનગરના રામેશ્વર મંદિરના ઓટલેથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના મોતીપુરા વિસ્તારની શારદાકુંજ સોસાયટી પાસેના રામેશ્વર મંદિરના ઓટલા પરથી એક ૩૫ વર્ષીય યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. બપોરના ૧૨.૩૦ કલાકના સુમારે ૩૫ વર્ષીય યુવાનનો મૃતદેહ રહિશોને નજરે પડતા તુરંત હિંમતનગર ટાઉન પોલીસ મથકમાં જાણ કરી હતી. આથી હિંમતનગર ટાઉન પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે આવી મૃતદેહની તપાસ કરી ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી અને તેના વાલીવારસની શોધખોળ હાથ ધરી હતી.

# ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદ

મહેસાણા, તા. ૨૪

ઉત્તર ગુજરાતના મહેસાણા શહેર સહિત જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી અવારનવાર વરસાદી ઝાપટાં પડતા જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. જિલ્લાના મહેસાણા, વિસનગર, વિજાપુર, ઊંઝા, કડી, બેચરાજી તાલુકાઓમાં છેલ્લા બે દિવસ દરમિયાન સારો વરસાદ પડ્યો છે. આમાં સૌથી વધુ વરસાદ મહેસાણા તાલુકામાં થયો છે. પાછોતરા સારા વરસાદને લીધે જિલ્લામાં ખરીફ પાકોને ફાયદો થયો છે. પાછોતરા વરસાદથી આગામી રવિ સિઝનમાં રવિ પાકોનું વાવેતર વધવાની શક્યતા ઉજળી બની છે. જિલ્લામાં કપાસ, ગુવાર, જુવાર, દિવેલા તેમજ કઠોળ જેવા પાકોને સારો ફાયદો થતાં આ પાકોનું ઉત્પાદન વધશે તેવી ધારણા રખાય છે. ચાલુ વર્ષે ચોમાસુ ખરીફ પાકોમાં સારા ઉત્પાદનની ધારણાએ બજારોમાં કૃષિચીજોના ભાવોમાં ઘટાડા તરફી વલણ બન્યું છે.

મસાલાની ચીજો જીરૂ અને વરિયાળીનું પણ વધુ વાવેતર થવાની શક્યતાને લીધે આ માલોની વેચવાલી વધતાં ભાવોમાં ભરપાઈ જોવા મળી છે. હાલ ગુવારના ભાવમાં પણ ખાસ્સો કડાકો બોલાયો છે.

# તલોદની પેટા તિજોરી કચેરી ૧લી ઓક્ટોબરથી સદંતર બંધ થશે

## તલોદની પ્રજાને પ્રાંતિજ ખાતેની પેટા તિજોરીના ધરમ-ધક્કા ખાવાનો વારો આવશે

તલોદ, તા. ૨૪

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકા માટે જાણે રાજ્ય સરકારને સ્નાનસૂતકનો સંબંધ જ ન હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. ૯૦થી વધુ ગામથી સંકળાયેલ તલોદ તાલુકાની આમ પ્રજાની સુવિધા સરકાર એકાએક ઝાટકે હણી રહી છે. તલોદ ખાતે ઘણા વર્ષોથી કાર્યરત એવી સબ ટ્રેઝરી ઓફિસને પેટા તિજોરી કચેરીની આગામી તા. ૧ ઓક્ટોબર-૨૦૧૩ થી સદંતર બંધ કરી દેવાનો કઠોર નિર્ણય કરી લઈને તેના આદેશો પણ પાઠવી દીધા છે. જેથી તલોદ ખાતેની આ પેટા તિજોરીની કાયમી સુવિધાનો લાભ લેનાર હજારો પ્રજાજનો આ લાભથી વંચિત રહેશે જે તમામને પ્રાંતિજ ખાતેની પેટા તિજોરીના ધરમ-ધક્કા ખાવાનો વારો આવશે.

તલોદ તાલુકા મથકની મોટાભાગની કચેરીઓના પગાર ભથ્થાની ચુકવણી અહીથી થાય છે. વેપારીઓ અને આમ પ્રજાને અહીંથી વેચાણ મળતા જ્યુડિશીયલ અને નોન જ્યુડિશીયલ તથા સ્પે. એડહેસીય સ્ટેમ્પ લેવા છાસવારે હવે છોડી પ્રાંતિજ જવું પડશે તેવી વરવી વાસ્તવિકતા પેદા થશે. જ્યારે તલોદ માર્કેટ યાર્ડ કેમ્પસમાં આવેલ આ પેટા તિજોરી કચેરી અનેક સંસ્થાઓના પગાર-ભથ્થાની ચુકવણી કરે છે. તેમજ ગ્રાન્ટેડ સંસ્થાઓના ગ્રાન્ટ બિલોની પણ ચુકવણી કરે છે. સરકારી, અર્ધસરકારી સેવાઓમાંથી નિવૃત્ત થયેલા અનેજીંદગીના અસ્તાચળે પહોંચેલા વૃદ્ધજનો માટે આ પેટા તિજોરીની સુવિધા આશિષરૂપ છે. માત્ર આવક-જાવકના લેખા-જોખાને કેન્દ્ર સ્થાનેરાખીનેરાજ્ય સરકારે તલોદ ખાતેની આ પેટા તિજોરી કચેરીની સુવિધા ઉપર બરહેમ બનીને આકરો અસહ્ય ઘા કરીને કચેરી બંધ કરી દેવાનો કઠોર ઠરાવથી તલોદની પેટા તિજોરી કચેરી આગામી ૧ ઓક્ટોબર-૨૦૧૩ના રોજ સંદંતર બંધ કરી દેવા સંદર્ભનો હૂકમ પણ જારી કરી દીધેલ છે.

# હિંમતનગરમાં ઘર આંગણે પાર્ક કરેલું એક્ટીવાની ઉઠાંતરી

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના નાની વ્હોરવાડમાંથી કોઈ ચોર ઈસમો ઘર આગળ પાર્ક કરેલું એક્ટીવા લઈ ફરાર થઈ ગયા હતા. આ મામલે ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર હિંમતનગરની નાની વ્હોરવાડ માં રહેતા જહુર મહેમદ મહમંદ યુસુફ ઈબજીના ઘર આગળ પાર્ક કરેલું એક્ટીવા નં. જીજે-૯-એએન-૩૦૪૯ કિ. રૂ. ૨૦,૦૦૦ ની કોઈ વાહન ચોર ઈસમો અંધારાનો લાભ લઈ ઉઠાંતરી કરી ગયા હતા. આ મામલે માલિકે ઈસનપુર ટાઉન પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે ફરિયાદ નોંધી વાહનચોરોની શોધખોળ હાથ ધરી છે.

# માણસામાં કૌશલેન્દ્ર પ્રસાદજીના જન્મ દિનને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમો યોજાયા

માણસા, તા. ૨૪

માણસા સ્થિત પટેલવાડીમાં સ્વામીનારાયણ સંપ્રદાયના આચાર્યના જન્મદિનના ઉપલક્ષ્યમાં વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો તેમજ પ્રવૃત્તિઓ ચલાવતા યુવક મંડળના સભ્યોએ વિવિધ કાર્યક્રમો યોજ્યા હતા.

અમદાવાદના કાલુપુર સ્વામીનારાયણ દેવ ગાદીના સાતમા પીઠાધીસ્વર કૌશલેન્દ્ર પ્રસાદનો ૪૧મો જન્મદિવસ આગામી સમયમાં આવી રહ્યો છે. જેના અનુસંધાને નરનારાયણ દેવ યુવક મંડળ દ્વારા ૮ સામાજીક અને ૮ ધાર્મિક પ્રવૃત્તિઓના ભાગરૂપે આજે માણસાની ૪૧ ગામ પાટીદાર વાડી ખાતે મોટા મહારાજ તેજેન્દ્ર પ્રસાદજીની અધ્યક્ષતામાં ૪૧ વિકલાંગોને ટ્રાઈસિકલ અને ૪૧ બાળકોને શૈક્ષણિક સાધનો અર્પણ કરાયા હતા, ઉપરાંત નિઃશુલ્ક મેડીકલ કેમ્પ તેમજ રક્તદાન શિબિરનું પણ આયોજન કરાયું હતું.





આ કાર્યક્રમમાં અખિલ આંજણા મહાસભાના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ડાહ્યાભાઈ પટેલ, ગોવિંદભાઈ પટેલ, મગનલાલ પટેલ સહિત મોટી સંખ્યામાં હરિભક્તો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ

ધનસુરા, તા. ૨૪

ધનસુરામાં સ્થિત ગુજરાત મશીનરી સ્ટોર્સના માલિક નવનીતલાલ છોટાલાલ શાહના ધર્મપત્ની અને કિરીટભાઈ શાહ તેમજ કેયુરભાઈ શાહના માતૃશ્રી કોકીલાબેન શાહનું દુઃખદ અવસાન થવા પામ્યું છે. સ્વ.ના સ્મશાન યાત્રામાં મોટી સંખ્યામાં સ્થાનિકો અને વેપારી અગ્રણીઓ જોડાયા હતા.

# માત્ર ૯ મીનીટમાં જ ફેંસલો, ઉમરેઠની પેટા ચૂંટણીમાં ભગવો લહેરાયો



(તસવીર : સઈદ અહેમદ ચૌહાણ, ઉમરેઠ)

ઉમરેઠ તા.૨૪

ઉમરેઠ નગરપાલીકાના વોર્ડનં-૯ની યોજાએલ ચૂંટણી બાદ આજે મત ગણતરી હાથ ધરાઈ હતી. જેમાં ઈ.વી.એમ. મશીને માત્ર ૯ મીનીટમાં જ હાર જીતનો ફેંસલો કરી દીધો હતો. ધોધમાર વરસાદ વચ્ચે પણ ઉમેદવારોના ટેકેદારો મોટી સંખ્યામાં મામલતદાર કચેરીએ જમાવડો કર્યો હતો. ભાજના ઉમેદવારની ૫૯ મતથી જીત થઈ હતી. પરીણામ બાદ વિજેતા ઉમેદવારનુંવિજય સરઘસ નીકળ્યુ હતુ.

પ્રાંત અધિકારી તેમજ મદદનીશ ચૂંટણી અધિકારી એન.ડી.મીસ્ત્રીની અધ્યક્ષતામાં આજે ઉમરેઠ મામલતદાર કચેરી મુકામે સવારના નવ કલાકે મત ગણતરી હાથ ધરાઈ હતી. ધોધમાર વરસાદ વરસતો હોવાછતાં મામલતદાર કચેરી બહાર બંન્ને પક્ષના ટેકેદારોની ભીડ જોવા મળી હતી. જો કે માત્ર ત્રણ બુથના મળી કુલ ૧૯૦૭ મતો માંથી ૯૦ મત રદ થયેલા હોઈ ફકત ૧૮૦૭ મતોની ગણતરી કરવાની હોઈ ઈ.વી.એમ મશીને માત્ર નવ મીનીટમાં હાર જીતનો ફેંસલો કરી દીધો હતો. ટવેન્ટી ટ્વેન્ટીની રસાકસી મેચની જેમ ભારે કુતુહલ વચ્ચ્ આખરે ભાજપના ઉમેદવાર પ્રકાશભાઈ ભીખાભાઈ પટેલનો ૫૯ મતોથી વિજય થયો હતો. તેઓએ ત્રણેય બુથ અનુક્રમે ૨૬૪, ૨૮૨, ૩૯૨ મળી કુલ ૯૩૮ મત મેળવ્યા હતા. જયારે હારેલા અપક્ષ ઉમેદવાર કિરણભાઈ રમણભાઈ પટેલે અનુક્રમે ૨૬૧, ૩૧૪, ૩૦૪ મળી કુલ ૮૮૯ મતો મેળવ્યા હતા. ભાજપના ઉમેદવારની વિધિવત વિજયની ઘોષણા થતાં કેસરીયા બ્રિગેડે ગુલાલની છોળો ઉડાડી આનંદ વ્યકત કર્યો હતો અને શહેરના રાજમાર્ગોઉપર વિજય સરઘસ કાઢવામાં આવ્યુ હતુ. જેમાં મહીલાઓ પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| પાટણ | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૩૩૮ |
| વરીયાળી | ૭૫૦ | ૧૪૬૩ |
| રાયડો | ૫૦૦ | ૬૪૧ |
| ઘઉં | ૩૦૪ | ૩૭૦ |
| જુવાર | ૨૮૫ | ૩૦૭ |
| બાજરી | ૨૧૦ | ૨૮૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૦૧ |
| બંટી | ૨૫૦ | ૩૩૬ |
| મગ | ૮૨૧ | ૯૨૫ |
| **તલોદ** | | |
| એરંડા | ૬૯૬ | ૭૦૫ |
| ઘઉં | ૩૦૮ | ૩૪૮ |
| બાજરી | ૨૨૦ | ૨૭૧ |
| ગવાર | ૧૧૦૦ | ૧૧૯૧ |
| ડાંગર જ્યા | ૨૫૦ | ૨૮૦ |
| **સલાલ** | | |
| મગફળી | ૫૨૫ | ૬૬૦ |
| એરંડા | ૬૬૫ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૦ |
| બાજરી | ૨૧૦ | ૨૪૫ |
| ડાંગર જ્યા | ૨૭૦ | ૩૨૦ |
| **ધનસુરા** | | |
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| મકાઈ | ૨૯૦ | ૩૧૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| બાજરી | ૨૩૦ | ૨૬૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **ખેડબ્રહ્મા** | | |
| ઘઉં લોકવન | ૩૧૪ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૪૦ |
| મકાઈ | ૨૮૮ | ૨૯૫ |
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| **મોડાસા** | | |
| એરંડા | ૬૮૦ | ૬૯૪ |
| બાજરી | ૨૪૦ | ૨૬૧ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૯ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૪૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૦ |
| **તલોદ** | | |
| બાજરી | ૨૩૦ | ૨૪૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૫ |
| **દહેગામ** | | |
| બાજરી | ૨૩૯ | ૨૫૭ |
| ઘઉં | ૩૨૦ | ૨૮૫ |
| એરંડા | ૭૦૪ | ૭૦૫ |
| ગવાર | ૧૨૦૦ | ૧૩૫૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૯૦ |
| તુવેર | ૨૨૬ | ૬૧૫ |
| જુવાર | ૨૫૦ | ૩૫૦ |
| રાયડો | ૫૪૦ | ૫૯૦ |
| **રખિયાલ** | | |
| બાજરી | ૨૩૫ | ૨૫૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૫ |
| ડાંગર | ૨૪૦ | ૨૮૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૨ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૫ |
| જુવાર | ૨૪૦ | ૩૪૦ |
| રાયડો | ૫૩૦ | ૫૮૦ |
| **હિંમતનગર** | | |
| મગફળી | ૪૫૦ | ૫૦૦ |
| એરંડા | ૬૯૩ | ૭૧૧ |
| ઘઉં | ૩૧૫ | ૩૭૫ |
| બાજરી | ૨૨૦ | ૨૪૮ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૦ |
| ગવાર | ૯૦૦ | ૧૧૮૧ |
| **ઈડર** | | |
| ઘઉં | ૩૧૫ | ૩૪૫ |
| મકાઈ | ૩૧૦ | ૩૪૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૮ |
| બાજરી | ૨૫૦ | ૨૬૬ |
| મગફળી | ૫૯૦ | ૬૬૦ |
| તલ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૧૨૨ |
| **કડી** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૩૯ |
| ડાંગર | ૨૪૦ | ૩૧૦ |
| બાજરી | ૨૧૦ | ૨૨૦ |
| ગવાર | ૯૫૦ | ૧૧૮૦ |

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૫ | ૭૦૫ |
| રાયડો | ૫૮૧ | ૫૯૧ |
| જીરૂ | ૨૧૬૦ | ૨૪૨૧ |
| **પાલનપુર** | | |
| ઘઉં | ૩૧૨ | ૪૨૬ |
| બાજરી | ૨૧૩ | ૨૫૮ |
| એરંડા | ૭૦૦ | ૭૧૫ |
| રાયડો | ૬૧૦ | ૬૧૧ |
| રાજગરો | ૧૧૫૫ | ૧૨૩૦ |
| મગફળી | ૬૦૦ | ૭૫૫ |
| ગવાર | ૭૦૦ | ૧૧૭૦ |
| **સિદ્ધપુર** | | |
| મગ | ૬૦૦ | ૬૧૫ |
| અડદ | ૭૨૦ | - |
| રાયડો | ૫૫૬ | ૬૧૯ |
| એરંડા | ૬૯૦ | ૭૧૬ |
| ગવાર | ૯૨૫ | ૧૧૯૭ |
| ઘઉં | ૨૯૮ | ૩૭૪ |
| બાજરી | ૨૦૦ | ૨૭૦ |
| જુવાર | ૨૨૧ | - |
| **ઊંઝા** | | |
| જીરૂ | ૧૯૫૦ | ૨૭૨૨ |
| વરીયાળી | ૮૨૧ | ૨૨૯૦ |
| ઈસબગુલ | ૧૦૯૧ | ૧૪૪૦ |
| સરસવ | ૬૩૫ | - |
| રાયડો | ૫૭૬ | ૬૬૧ |
| તલ | ૧૯૫૦ | ૨૦૦૧ |
| **વિસનગર** | | |
| ઘઉં | ૩૦૫ | ૩૭૨ |
| બાજરી | ૨૦૦ | ૨૬૦ |
| રાયડો | ૫૭૦ | ૬૨૧ |
| એરંડા | ૬૮૦ | ૭૨૦ |
| ચોરા | ૬૦૦ | ૧૦૨૦ |
| કપાસ | ૯૦૦ | ૧૧૦૧ |
| જુવાર | ૩૧૦ | ૪૦૦ |
| મગ | ૯૦૦ | ૧૧૮૦ |
| ગવાર | ૯૦૦ | ૧૨૫૦ |
| રજકાના બી | ૧૫૦૦ | ૨૬૯૧ |
| **મહેસાણા** | | |
| ઘઉં | ૩૦૮ | ૩૫૭ |
| રાયડો | ૫૩૫ | ૬૦૪ |
| બાજરી | ૨૦૫ | ૨૬૮ |
| એરંડા | ૬૮૮ | ૭૦૦ |
| અજમો | ૬૩૦ | - |
| ગવાર | ૮૧૧ | - |
| બંટી | ૨૯૦ | - |
| રજકાના બી | ૨૦૫૦ | ૨૮૫૦ |
| **અંબાલીયાસણ** | | |
| ઘઉં | ૩૧૫ | ૩૩૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૩ |
| **જોટાણ** | | |
| એરંડા | ૬૯૮ | ૭૦૩ |
| બાજરી | ૨૪૫ | - |
| ગવાર | ૯૫૧ | ૧૦૬૧ |
| **હારીજ** | | |
| રાયડો | ૩૫૯ | ૬૧૧ |
| એરંડા | ૬૮૦ | ૭૦૪ |
| બાજરી | ૨૦૦ | ૨૪૬ |
| ઘઉં | ૩૦૧ | ૩૬૦ |
| ગવાર | ૯૬૫ | ૧૨૦૦ |
| અડદ | ૭૦૧ | - |
| મગ | ૯૮૨ | ૧૦૩૫ |
| ચણા | ૪૬૫ | ૬૩૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૪૨૦ |
| સાસટો | ૨૫૦ | ૩૨૪ |
| સવા | ૬૪૦ | ૬૬૦ |
| બંટી | ૨૮૨ | ૩૦૨ |
| મેથી | ૪૯૨ | ૫૭૬ |
| **કલોલ** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| એરંડા | ૬૯૭ | ૭૦૧ |
| બાજરી | ૨૨૭ | ૨૭૦ |
| રાયડો | ૫૯૧ | - |
| ડાંગર | ૨૭૦ | ૩૩૬ |
| ગવાર | ૧૨૦૦ | ૧૨૩૫ |
| જુવાર | ૨૮૫ | ૩૧૬ |
| **બાયડ** | | |
| એરંડા | ૬૬૫ | ૬૮૫ |
| ઘઉં | ૨૮૦ | ૩૧૫ |
| બાજરી | ૨૨૫ | ૨૪૫ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૫ |
| ગવાર | ૮૫૦ | ૧૨૦૦ |

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન